




# અમાનવીય અંધશ્રદ્ધા, ઉગાર ક્યાં ?

સમાચાર છે સાબરકાંઠા જિલ્લાના. તેથી એમ ન માનીએ કે ગુજરાતના અન્ય જિલ્લાઓમાં એવું નથી બનતું. થોડાક વર્ષો પહેલાં અમદાવાદ શહેરમાં બનતું જોયું છે. શી ખબર કેમ પણ એવું માનવામાં આવે છે કે વ્યક્તિ સાચું બોલે છે કે કેમ તેના પારખાં કરવા હોય તો તે વ્યક્તિને ગરમ ઉકળતા તેલમાં હાથ બોળાવવા. સાચું બોલ્યું હોય તેના હાથને ગરમ તેલ અસર ન કરે, ખોટું બોલ્યા હોય તેને ગરમ તલે દઝાડે.

સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના દેરાઈ ગામે ચૂંટણી હતી. તેમાં એક ઉમેદવાર હારી ગયો. તેણે પોતાના ગામમાં અને નાતના લોકોને પૂછ્યું કે તેમણે તેને મત આપ્યો હતો કે કેમ. તે બધાએ હા કરી પણ તે ઉમેદવાર હારી ગયો હતો એટલે તેણે કહ્યું કે તે બધા સાચું નથી બોલતા, સાચું બોલતા હોય તો ગરમ તેલમાં હાથ બોળે. પેલા મત આપનાર બાવીસ જણાએ ગરમ તેલમાં હાથ બોળ્યા અને બધાના હાથ સખત દાઝી ગયા. સાચના પારખાં થાય કે ગરમ તેલમાં હાથ બોળીએ તો હાથ દાઝે તે સત્યના પારખાં થયા ?

કહેનાર ઉમેદવાર ગુસ્સામાં વિચારી શકતો ન હોય પણ આશ્ચર્ય એ વાતનું છે કે બાવીસ જણ ગરમ તેલમાં હાથ બોળવા તૈયાર થયા. તેમનું પણ એવું માનવું હશે જ કે તેઓ સાચા હોવાથી ગરમ તેલની ગરમી તેમને લાગશે જ નહીં ? સામાન્ય વાત છે કે ગરમીથી દઝાય, તેની વિરુદ્ધ તે બધાએ શું વિચાર્યું હશે ? આનો અર્થ એવો પણ થાય ખરો કે એ બાવીસમાના કોઈને અન્ય પર શંકા જાય તો તેઓ પણ સતના પારખાં એમ જ કરાવે ! ગરમ તેલની ચામડી પર અસર થાય તે તેઓ સ્વીકારવા તૈયાર જ નહીં એવી કેવી માનસિકતા આ હશે ! મને ખાતરી છે કે મને કોઈ પડકાર કરીને કહે કે મારે ગરમ તેલમાં હાથ બોળીને મારા સાચાપણાની ખાતરી કરાવવી તો હું ધરાર ના પાડું. તેવું આ બધાએ નથી કર્યું કેમ કે તે સૌએ તેમાં આંધળો વિશ્વાસ મૂકયો છે.

આવો અંધવિશ્વાસ કે આવી અંધશ્રદ્ધા કેટકેટલા ક્ષેત્રોમાં આપણને પાછા પાડતી આવી છે. દુઃખાવો થાય ત્યારે ડામ દેવડાવવાનું સમગ્ર ગુજરાતમાં પ્રચલિત છે એટલું જ નહીં અનેક દેશોમાં ચાલે છે. આવા બધામાંથી આપણો ઉગાર જ નહીં ? વર્ષોથી આવી બધી માન્યતાઓ વિરુદ્ધ કેટલી બધી ઝુંબેશો ચાલે છે પણ ક્યાંય તે સફળ થઈ જણાતી નથી. આમ છતાં કબૂલ કરવું પડે કે આપણા દેશમાં શીતળા વિરોધી ઝુંબેશ સફળ થઈ અને પોલિયો વિરુદ્ધની ઝુંબેશ પણ સફળ થવામાં છે. તે વિશે હમણાં જાણવા મળ્યું તે એવું કે આફ્રિકા ખંડમાંનો એક દેશ નાઈજિરિયા છે તેમાં પોલિયાના ટીપાં પીવડાવવાની ઝુંબેશ ચાલતી હતી. એ દેશના ઉત્તર વિભાગમાં મુસ્લિમ વસતી છે ત્યાં તે કામ કેટલીક સ્ત્રીઓ કરતી હતી. બહેનો પોતાનાઃ બાળકોને લઈને પોલિયોનાં ટીપાં આપવાનાં કેન્દ્રો સુધી જાય નહીં તેથી આવી વૈકલ્પિક વ્યવસ્થા હતી.

આ વ્યવસ્થામાં ગાબડું પાડ્યું એક અફવાએ. કહેવાવા માંડ્યું કે છોકરીઓને ટીપાં પીવડાવીએ તો ભવિષ્યમાં તેને બાળક નહીં થાય. થોડા જ સમયમાં ટીપાં પીવડાવવા જનારી બહેનો પર ગોળીઓ ચલાવાઈ. જોતજોતામાં નવ બહેનોના મૃત્યુ થયા. આ જ રીતે પાકિસ્તાનમાં પોલિયાના ટીપાં પીવડાવવા જનારી બહેનો પર ગોળી ચલાવાઈ અને તેમનાં મૃત્યુ નિપજાવાયાં હતાં. ગયા વર્ષે નાઈજિરિયામાં પોલિયાના ૧૨૧ નવા કેસો નોંધાયા



**સ્ત્રી હોવું એટલે...**

**ઈલા પાઠક**

હતા. આ વર્ષે ફરી પાછી તે કાર્યવાહી બંધ થઈ એટલે ફરી બીજાં થોડાં બાળકો તે રોગનો શિકાર બનશે. આપણે જાણીએ છીએ કે બાળપણથી પોલિયો થઈ જાય તે બાળકનું ભાવિ ધૂંધળું બની જાય છે. લાખ ઉપાય કરવાથી પણ તેમાંથી મુક્તિ મળતી નથી. વિશ્વ આરોગ્ય સંસ્થાન જણાવે છે કે આખી દુનિયામાં પોલિયોના કેસ થયા તેમાંના અડધાથી વધુ નાઈજિરિયામાં થયા છે. વિશ્વના અહેવાલ પ્રમાણે નાઈજિરિયા, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન એવા દેશો રહ્યા છે જેમાં પોલિયોનો ચેપ હજી ફેલાતો રહ્યો છે. આપણા આજના વિશ્વમાં આવી બધી ઘટનાઓ પાછળ ક્યાંક રાજકારણ પણ છુપાયેલું રહે છે. પાકિસ્તાનમાં ચૌદ વર્ષની એક શાળામાં ભણતી છોકરી, મલાલા પર ગોળીબાર થયો, તેના માથામાં ઈજા થઈ. તેને શા માટે મારી તેની પૂછતાછ કરતાં જણાયું કે તે છોકરી બીજી છોકરીઓને નિશાળે જવા માટે પ્રેરતી હતી. છોકરીઓએ શિક્ષણ મેળવવું જોઈએ એવો તે પ્રચાર કરતી હતી. તેથી તેને મારી નાખવાનો પ્રયત્ન થયો. તે બચી ગઈ તે જુદી વાત પણ તેને ગોળી મારનારનો ઈરાદો હતો કે તેનું મૃત્યુ થયેલું જોઈને અન્ય છોકરીઓ ભણવા જતી અટકી જશે અને તેમને શાળાએ જવા ફરીથી પ્રોત્સાહિત કરવા મલાલા નહીં હોય.

પાકિસ્તાનની આ કિશોરીને મારનાર તાલિબાન જૂથના માણસો હતા. પાકિસ્તાનની છોકરીઓ ભણે તો તે દેશની પ્રગતિ થાય તેવું તે ઈચ્છતા ન હતા તેથી તેમણે આ પગલું ભર્યું એવું સમાચારપત્રોમાં નોંધાયું છે. એવું પણ નોંધાયું છે કે તાલિબાનોના જૂથમાં તેમની પોતાની છોકરીઓને તે ભણવા શાળાએ મોકલે છે. તેમનો વિરોધ તેથી છોકરી માત્ર ન ભણે તેવો નથી, પાકિસ્તાનની છોકરીઓ શાળાએ જઈને ભણે નહીં તેવો છે.

કોઈ દેશના બાળકો રોગી રહે કે ભવિષ્યે પણ રોગથી પીડાતાં રહે તેવી પણ કોઈ રણનીતિ હોઈ શકે ? એવું થતું હોય તો તે દુઃખદ છે. માનવીઓ માણસાઈ છોડીને એટલી બધી હદ સુધી પશુમય બની શકે છે કે તે ખ્યાલ પોલિયોની સેવા પહોંચાડતી બહેનોનાં ખૂન થયા તે જાણીને મનમાં ઘૂંટાઈ. માનવીને તેના શારીરિક દુઃખમાંથી ઉગારતી દવા આપવાની પ્રક્રિયાનો વિરોધ કરીને ભવિષ્યમાં થોડાક બાળકોને અને કાળે કરીને માનવોને દુઃખી રાખવાનો આવો પ્રપંચ કોઈએ શા માટે કરવો જોઈએ એવા પ્રશ્નો ઊઠે જ. પણ તેના જવાબ આપણને જડતા નથી.

એક તરફ માનસિકતા છે કે અન્ય શારીરિક દુઃખમાંથી ઉગરવાની દવા દેતા નથી તો બીજીતરફ એવી ચાલના છે કે ગરમ તેલમાં હાથ બોળાવવા જેવી પ્રક્રિયાઓને પરિણામે અન્યને શારીરિક વેદના પહોંચાડાય છે. બંનેમાં માનવીયતાનો જબરદસ્ત અભાવ છે. એવી અમાનવીય પ્રક્રિયાઓ જલદીમાં જલદી બંધ થાય એવું ઈચ્છીએ.

# ‘વર્કિંગ વૂમન’ની સાચી વ્યાખ્યાનું ઉદાહરણ

તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલી ફિલ્મ ‘ઈંગ્લિશ વિંગ્લિશ’નું એક દ્રશ્ય મનમાં વસી ગયું. ફિલ્મની નાયિકા શ્રીદેવી પોતાના પતિ અને બાળકો સાથે ફરવા જાય છે. એ દરમ્યાન તેના અંગ્રેજીના તાલીમવર્ગનો સમય થઈ જાય છે. પતિ અને બાળકોને ફરવા જવાનું કહી તે વર્ગમાં ચાલી જાય છે. આખા દિવસની મોજમજા પછી રાત્રે તેનો પતિ તેની મૂક ઝાટકણી કાઢતાં કહે છે, ‘મૈંને દેખા તુમ અકેલી ભી ખુશથી, હમારે બીના..’ એ ક્યાં ગઈ હતી, એનો ઉદ્દેશ શો હતો ? અને એવી કઈ જગ્યા હતી જ્યાં એ મુક્ત મને જઈ શકતી હતી, ખુશ રહી શકતી હતી ? આવા વિચારોનો પતિ પાસે અવકાશ જ ન હતો. મોટાભાગે લગ્ન બાદ સ્ત્રીના જીવનનું પરિઘ, ત્રિજ્યા કે સમગ્ર વર્તુળ, જે કહો તે, તેનો પરિવાર જ હોય છે. તેની મોજ, ખુશી, સુખ-દુઃખ બધું જ આશ્રિત થઇ જાય છે. કદાચ એટલે જ તે એકલી પણ ખુશ રહી શકે છે એ વાત જ વિસરાઈ જાય છે અથવા તો ઓછી સ્વીકારાય છે. આજે મહિલાદિન નિમિત્તે ‘નારીવાદ’ની વાત કરવાને બદલે નારીસંવેદનની વાત કરવી જરૂર ગમશે. સ્ત્રીઓના જીવનના સંઘર્ષનું કદ ઘટ્યું નથી, માત્ર સ્વરૂપ બદલાયું છે. એક સમયે તે સમાજમાં સ્થાન મેળવવા ઝઝૂમતી હતી આજે સમાન હક્ક મેળવ્યા બાદ તે ભોગવવા માટે લડે છે. પુરુષ સમોવડી બનવું સરળ લાગે પણ એ મુજબ જીવવું અતિ કઠિન. ખેર, આ બધાને પડખે રાખી આજે મળીએ એક એવાં સન્નારીને જેમનાં જીવનનું આનંદવર્તુળ એમણે જાતે જ બનાવ્યું છે. કુટુંબની જવાબદારી, બાળકોનો ઉછેર આ બધું જ તેમના જીવનનો એક ભાગ તો છે જ પણ કેન્દ્રબિંદુ તેમનું કામ છે. બિનકચ્છી કહેવા કરતાં સવાયા કચ્છી કહેવું વધુ ગમે એવાં શ્રીમતી સુષ્માબેન અશ્વિનભાઈ ઓઝાને આજે મળીએ.

અદાણી ફાઉન્ડેશનના સી.ઈ.ઓ. તરીકે એમને ઘણીવાર અખબારોમાં મળ્યા છીએ. પણ તેમના જીવન ઘડતરની વાતોથી આજે શરૂઆત કરીએ. બાળપણનું ઘડતર, કુટુંબનું વાતાવરણ આ બધું જ દરેકના જીવનમાં બહુ મોટો પાયારૂપ ભાગ ભજવતું હોય છે. મૂળ ભાવનગરનાં સુષ્માબહેનનો ઉછેર તદ્દન મુક્ત વાતાવરણમાં થયેલો. સ્ત્રી-પુરુષ સમાનતાની કેળવણી બાળપણથી જ માતા-પિતા દ્વારા મળી. ખાદીધારી પિતા ડો. વિષ્ણુરામ ત્રિવેદી અને એ સમયે પણ આધુનિક વિચારસરણી ધરાવતાં માતા લીલાવંતીબહેન ત્રિવેદીએ પોતાનાં સંતાનોને વિચારોથી ‘મોડર્ન’ થતાં શીખવ્યું. જ્યાં ભૌતિક જીવનશૈલીને કોઈ જ સ્થાન ન હતું. બાળકોની મૂછાળીમા ગીજુભાઈ સાથે આ પરિવારનો ખૂબ ઊંડો ઘરોબો. જેની પણ ખૂબ જ સારી અસર બાળપણથી જ સુષ્માબહેન પર પડી. ઘરનું વાતાવરણ એટલું મુક્ત અને વિચારસરણી એટલી આધુનિક કે શહેરમાં રહેતા લોકોના વિચારો જૂનવાણી લાગે ! ડોકટર પિતાની વારંવાર થતી બદલીઓને લીધે સુષ્માબહેનનો અભ્યાસ પણ



**અદાણી ફાઉન્ડેશનના સી.ઈ.ઓ. સુષ્મા બહેન ઓઝા માને છે કે દરેક સ્ત્રીની સફળતા પાછળ પરિવારનો સહકાર રહેલો છે**

જુદા-જુદા સ્થળોએ થયો. ભણવાની સાથે-સાથે ક્યા ક્ષેત્રમાં આગળ વધવું, કેવી રીતે વધવું એ બધા જ નિર્ણયોની પૂરી સ્વતંત્રતા. સુષ્માબહેને બારમા ધોરણ પછી વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં એમ.એસ. ડબલ્યુ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો. સાથે એન.સી.સી., બાસ્કેટબોલ, સ્વીમિંગ, નાટક-થિયેટર બધામાં અવ્વલ રહ્યાં !

’૮૫માં લગ્ન બાદ એન.જી.ઓ.માં જોડાયાં. વડોદરાની કાશીબા હોસ્પિટલમાં સાત વર્ષ અને પછીના સાત વર્ષ યુનાઈટેડ સ્ટેટસમાં માનસિક રીતે અસ્વસ્થ લોકોની સારવાર કરતી સંસ્થામાં કામ કર્યું. આ સાથે યુ.એસ.માં જ એલ.સી.એસ. ડબલ્યુ એટલે કે લાયસેસિંગ ઈન ક્લિનિકલ સોસિયલ વર્ક સાયકો થેરાપીનો અભ્યાસ કર્યો. યુ.એસ.થી પરત આવ્યા બાદ બાળકોના ઉછેરની જવાબદારી વચ્ચે ફ્રીલાન્સ કામ કરવાનું તો ચાલુ જ રાખ્યું. જામનગર, વડોદરા અને ૨૦૦૭માં અદાણી સાથે જોડાઈ મુંદરા આવ્યાં. જોડાયા અમદાવાદમાં પણ પસંદ કર્યું મુંદરા. સૌથી વધુ વિકાસ માગી લે તેવું ક્ષેત્ર પસંદ કરવાનું કારણ કદાચ તેમનો કાર્યશીલ સ્વભાવ !

અદાણી ફાઉન્ડેશનમાં જોડાયા બાદ સુષ્માબહેને કચ્છને જ પોતાનું વતન બનાવ્યું. ટીમો તૈયાર કરવી, રૂબરૂ મુલાકાતો લઈ સર્વે કરવું, સતત મુસાફરી આ બધાયની વચ્ચે પણ તદ્દન સ્વસ્થ દેખાતાં સુષ્માબહેન દરરોજ લગભગ પંદરથી સતર કલાક સતત કામ કરે. ક્યારેક જમવાનું પણ ભૂલાઈ જાય એવા વ્યસ્ત દિવસોમાં પણ કામ પૂરું કર્યા બાદ પોતાના વાંચન માટે, ‘હોમવર્ક’ માટે સમય કાઢી જ લે. અદાણી ફાઉન્ડેશન દ્વારા શૈક્ષણિક, સામાજિક, માછીમારોના ઉત્કર્ષની, કિશાનોને મદદરૂપ થવા માટે ટપક સિંચાઈ પદ્ધતિના અમલીકરણની, ગ્રામ્ય બહેનોને



**મુલાકાત**

**પૂજા કશ્યપ**

પગભર થવાની અને વિશેષ તો આરોગ્યલક્ષી કામગીરીઓ થાય છે. જેમાં અદાણી વડીલ સ્વાસ્થ્ય યોજના સૌથી મહત્ત્વની સફળ યોજના નીવડી છે. ‘જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી આમ જ કાર્ય કરતા રહેવું છે.’ એવું કહેતાં સુષ્માબહેન વધુમાં ઉમેરે છે કે ગમતી પ્રવૃત્તિનો ક્યારેય થાક ન લાગે ! દરેક સફળ સ્ત્રીનાં જીવનમાં સફળતા ત્યારે જ પ્રવેશે જ્યારે પરિવાર સાથે પૂરેપૂરું અન્ડરસ્ટેંડિંગ હોય. જે મને મારા પૂરા પરિવાર દ્વારા મળ્યું છે. અદાણી ફાઉન્ડેશનના ઘણા નવા-નવા પ્રોજેક્ટો આકાર લઈ રહ્યા છે. જેનો લાભ વધુમાં વધુ લોકો લે એવું તેઓ ઈચ્છે છે.

કચ્છની ખમીરવંતી પ્રજાને બિરદાવતાં સુષ્માબહેન વર્કિંગવૂમનની સાચી વ્યાખ્યાને અનુસરી કાર્ય કરે છે. જ્યાં સંવેદનાઓ તો છે જ પણ તેનું હાવીપણું નથી, જવાબદારીઓ સ્વીકારવાની છે પણ તેને તાબે નથી થઈ જવાનું, ભરપૂર કાર્યશીલતા છે પણ અંતરના આનંદને વિખવા નથી દેવાનું. ખૂબ મોટી પોસ્ટ પર કાર્ય કરતા હોવા છતાં તેમની સહજતા મનને સ્પર્શી જાય તેવી છે.

આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે સમાજમાં પોતાનું અલાયદું સ્થાન ઊભું કરનારી દરેક નારીને વંદન !



## ‘નારી શક્તિ’

નારી બની ગઇ હું નારી બની ગઇ
ત્રણ લોકની સ્થિરતા માટે, શક્તિ બની ગઇ,
સંસારને વધારવા માટે, સ્ત્રી બની ગઇ,
એકાંત જીવન માટે, જીવનસાથી બની ગઇ.

નારી બની ગઇ હું નારી બની ગઇ
દીકરી બની બાપની પાઘડી બની ગઇ,
બહેન બની સંબંધની ગાંઠ બની ગઇ,
રાધા બની પ્રેમની કવિતા બની ગઇ,
પત્ની બની પતિની પડછાઇ બની ગઇ,
મા બની મમતાની છબી બની ગઇ.

નારી બની ગઇ હું નારી બની ગઇ
જન્મથી માંડી યૌવન સુધી,
ખરાબ વિચારની શિકાર બની ગઇ,
પત્નીથી માંડી મા સુધી,
દરેક મુશ્કેલીની સામે દીવાર બની ગઇ.

નારી બની ગઇ હું નારી બની ગઇ
લાલચની મોહમાં દહેજની લોટરી બની ગઇ,
ખોટી શાનની આડમાં, જીવતી બળી અથવા ફાંસીએ લટકી ગઇ,
બળાત્કારીઓથી ખૂબ લડી હું,
પણ કાયદાની ચોપડીમાં ગૂંચવાઇ ગઇ,
જીવનથી લડતાં લડતાં, હું મૃત્યુથી હારી ગઇ.

**- મનોજ કોઠારી**

# બહેરા-મૂંગાને બોલતા કરવાની કળા

છેલ્લા ત્રીસ વર્ષથી પોતાની સર્વશક્તિને જન્મથી બહેરા-મૂંગા બાળકોને બોલતા-સાંભળતા કરવાની કળાને કામે લગાડી છે એવા મુંદરાના વતની અને ખોજા શેરઅલી જાફરભાઈની આઠ દીકરી અને અને એક દીકરામાંથી બીજા નંબરની પુત્રી રોઝમીન બહેનની આજે મહિલાદિને ખાસ વાત કરવી છે.

બાળવયમાં મુંદરાની સી.કે.એમ. હાઈસ્કૂલમાં એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરી મુંદરા મધ્યે પ્રિ.પી.ટી.સી.ની. પરીક્ષા પાસ કરી ઉંમરલાયક થતાં ભુજની બી.એસ.એન.એલ.ની વડી કચેરીમાં એકાઉન્ટ સેકશનમાં કામ કરતા ખોજા અકબરઅલી સાથે લગ્ન ગોઠવાયાં.

ઘરસંસાર માંડ્યા બાદ તેમને ઘેર સૂર્યા નામે દીકરીનો જન્મ થયો. અભ્યાસમાં પાવરધી પુત્રી ત્યારબાદ બીજા નંબરે જીશાન નામના દીકરાનો જન્મ થયો. જે જન્મથી બહેરો-મૂંગો હતો. કુટુંબની માનસિક પીડામાં તેને કારણે અતિશય વૃદ્ધિ થઈ.

ઈશ્વરે મનુષ્યજાતિને કઠણાઈ આપેલ છે પરંતુ સાથે-સાથે સહનશક્તિ અને હિંમત પણ આપી છે. રોઝમીન બહેને પોતાના દીકરાને ડો. શાન્તુબેન પટેલની ‘ધનવન્તરિ



સ્કૂલ’માં દાખલ કર્યો. જેમાં જન્મથી બહેરા-મૂંગા બાળકોને બોલતા-સાંભળતા કરવા શિક્ષણ આપવામાં આવે છે. દીકરા જીશાન સાથે માતા રોઝમીનબહેન પોતે પણ સ્કૂલમાં પૂરો સમય હાજરી આપે. અને અન્ય સ્ટાફને સેવાભાવનાથી સહકાર પાઠવે. અને એવી રીતે બહેરા-મૂંગા બાળકોને કેવી રીતે શિક્ષણ આપવામાં આવે છે અને કઈ રીતે બોલતા-સાંભળતા કરવામાં આવે છે તેનો મનોમન અભ્યાસ કર્યો.

સ્કૂલેથી ઘેર આવતાં પોતાના બાળકને ઘેર પણ શિક્ષણ આપતા અને ઘરનો કારોબાર પણ ચલાવતા.

દિવસોના દિવસો પસાર થયા બાદ બાળકને થોડું-થોડું બોલતાં-સાંભળતાં જોઈને અનહદ ખુશી થતી અને પોતાની મહેનત અને શાળાનો શિક્ષણ રંગ લાવશે તેવી પાકી ખાતરી થવા લાગી.

સમય જતાં ડો. શાન્તુબેન પટેલે રોઝમીન બહેનની કળા પારખી, તેમને પણ પોતાની શાળામાં શિક્ષિકા તરીકે સ્ટાફમાં ભરતી કરી. આ સમય દરમ્યાન તેમણે ઘેરબેઠાં ધો. ૧૨ની પરીક્ષા ફર્સ્ટ કલાસ માર્કસ સાથે પસાર કરી. તેમજ શ્રવણમંદ બાળકો માટેની સ્પેશિયલ એજ્યુકેશનની ડિગ્રી મેળવી. કોલેજ સુધીનો અભ્યાસ પૂરો કર્યો.

નોકરીકાર્ય દરમ્યાન અમદાવાદ અને વડોદરા જેવા શહેરોમાં ‘સ્પીચથેરાપી’ ઈન્સ્ટીટયૂટમાં ટ્રેનિંગ લીધી. આવી રીતે ક્યારેક બે માસની ટ્રેનિંગ હોય ક્યારેક ચાર માસની ટ્રેનિંગમાં બહારગામ રોકાવાનું થતું અને છેલ્લે વડોદરા ખાતે નવ માસની ટ્રેનિંગ પૂરી કરી ‘ધનવંતરિ સ્કૂલ’માં અભ્યાસ કરતા અનેક બાળકોને પોતાની આગવી આવડતથી બોલતા-સાંભળતા કર્યા. અને પોતાના દીકરા જીશાનને પણ પૂરેપૂરો બોલતો સાંભળતો કરી દીધો.

જીશાનની ઉંમર આજે ત્રેવીસ વર્ષની અને હાલે બી.સી.એ. (બેચરલ ઓફ કોમ્પ્યુટર એપ્લાયનસિસ)માં અભ્યાસ કરે છે. ઈન્ટરનેટ યુઝ કરે છે. ટુ-વ્હીલ-

**કુદરતે આપેલી જન્મજાત કઠણાઇને પ્રેમ અને વાત્સલ્યથી દૂર કરવાનો પ્રયાસ રોઝનીનબેન ખોજા માટે આત્મસંતોષની ઘડી છે**

ફોર વ્હીલ ચલાવે છે. ફોટોગ્રાફીનો અનેરો શોખ ધરાવે છે. જીશાનનો સહયોગી વિદ્યાર્થીવર્ગ ભેગો મળે છે અને એની વાતચીત અને ઈશારાઓથી મેળાવો ગોઠવે છે. ત્યારે જોનારાઓ અચંબામાં પડી જાય છે અને મનોમન આનંદ અનુભવે છે.

જીશાનની બહેને ધો. ૧૨નો અભ્યાસ કોમર્સ ગુજરાત સેકન્ડરી બોર્ડમાં પ્રથમ દશ નંબરમાં સ્થાન મેળવી અમદાવાદ ખાતે આગળ અભ્યાસ કરતાં એક વર્ષની અંદર અમેરિકાની યુર્નિવર્સિટીમાં એડમિશન મેળવી, એમ.બી.એ. કરેલું અને હાલે પૂરા સમયનો જોબ કરે છે. અને દર વર્ષે ઘેર ભારત ખાતે આવી માવિત્રોને આફ્રિકા, દુબઈ, શિંગાપોર અને મલેશિયાની સહેલ કરાવે છે.

**મલેક સુલતાન ખોજા**

વાત હવે આગળ વધે છે, રોઝમીન બહેને ડો. શાન્તુબેન પટેલની સ્કૂલમાંથી સ્વેચ્છાએ નોકરીમાંથી નિવૃત્તિ મેળવી. આરામ કરવાનું વિચારેલું પરંતુ બહેરા-મૂંગા બાળકોના માવિત્રોએ તેમનો પીછો કર્યો અને પોતાને ઘેર તેવા બાળકોને અભ્યાસ કરાવવા વિનંતીઓ કરવા લાગ્યા. ત્યારે તેમણે ઈશ્વરની એવી ઈચ્છા હશે તેવું નક્કી કરી પોતાની કળા આગળ ચલાવી અને આજે કેટલાય બાળકો તેમના ઘેર આવી અભ્યા કરે છે. તેમને હેલો, આવ, આવો, બાય પપ્પા, મમ્મી, ભઉભઉ, મ્યાંઉ જેવા શબ્દોથી ઉચ્ચારો શીખવી અભ્યાસને આગળ ધપાવે છે. કાને બહેરાશવાળા બાળકોને તેમની સાંભળવાની ક્ષમતાને અંદાજમાં રાખી ઈયર ફોન લગાવી આપે છે અને બાળકોના માવિત્રોના મુખ ઉપરે જ્યારે સંતોષના ભાવ જુવે છે ત્યારે પોતે પણ મનોમન આનંદ અનુભવે છે.

જ્યારે તેમને પૂછવામાં આવે છે કે દરરોજ બાળકો સાથે માથાઝિક કરતાં કંટાળો નથી આવતો ? ત્યારે તેઓ જવાબ આપે છે કે મારી કળા દ્વારા ઈશ્વર મારા આ આત્મામાં જોમ પેદા કરે છે, અને મને મારી સફળતામાં અનેરો આનંદ આવે છે.

પોતાના શિક્ષણ કાર્ય અને ઘરકામમાંથી સમય ફાળવી, સમાજ સેવા અર્થે લેડીઝ એક્ટિવિટીઝ સેકન્ડ અર્નર સિનિયર સિટીજન્સ પ્રોગ્રામ, નાટિકા અને અંતાક્ષરી જેવી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી સિનિયર સિટીઝન્સને પ્રવાસ ઉપરે તેડી જાય છે. જેમાં તેમના પતિદેવ તેમજ જીશાનનો પણ બહોળો સાથ સહકાર મળી રહે છે.